**અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

ડૉ.પી કે.શ્રીવાસ્તવા
ઈ/ચા.આચાર્ય અને ડીન

જા.નં.અબાવકોન/બી–૩/ઈન્કમટેક્ષ/ ૯૨૬–૪૦ /૨૦૨૦ તારીખઃ–૧૭ /૧ /૨૦૨૦

**:: અ ગ ત્ય નું ::**

## :: પ રિ પ ત્ર ::

અત્રેની મહાવિદ્યાલયના નિયંત્રણ હેઠળ જુદા–જુદા વિભાગોમાં ફરજ બજાવતા સર્વે અધિકારી / કર્મચારીઓને જણાવવાનું કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦ ના ઈન્કમટેક્ષ ફોર્મ ભરવાના થતાં હોય અત્રેની કચેરીના બી–૩ ટેબલ તરફથી માર્ચ–૨૦૧૯ થી ડિસેમ્બર–૨૦૧૯ દરમ્યાન ચૂકવવામાં આવેલ પગાર ભથ્થા અંગેના પત્રક તૈયાર કરી આપવામાં આવેલ છે, જેની ચકાસણી સબંધિત કર્મચારીએ પોતાની રીતે કરી બાકી રહેતા જાન્યુઆરી અને ફેબ્રુઆરી–૨૦૨૦ના પગાર ભથ્થાની નોંધ જાતે ઉમેરવાની રહેશે. જે આધારે નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦૨૦ ના રેગ્યુલર ઈન્કમેટક્ષ ફોર્મ બે નકલમાં જરૂરી બિડાણ સહીત તા.**૦૩/૦૨/૨૦૨૦** સુધીમાં કચેરીમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે, તેમ કરવામાં જે તે કર્મચારી તરફથી કસુર કરવામાં આવશે તો તેમનો ફેબુઆરી–૨૦૨૦ નો પગાર આકારવામાં આવશે નહી જેની સર્વેએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં ઈન્કમટેક્ષ ફોર્મની ચકાસણીની સરળતા રહે તે હેતુસર સાથે કરવામાં આવતા બિડાણમાં નીચેની વિગતે ખાસ ધ્યાન રાખવાનુ રહેશે.

(૧) આઈ.ટી. ફોર્મમાં દર્શાવેલ કપાત મુજબ જ પત્રક બિડાણ કરવા.

(૨) બીલ સાથે રજુ કરવામાં આવતા LIC / PLI/ હાઉસીગ લોન અંગેની રીસીપ્ટ / પહોંચ નાની હોય તો કોરા કાગળ ઉપર લગાવવાના તેમજ રકમ ઉપર હાઈ લાઈટ કરવાનુ રહેશે. LIC / PLI ની એક કરતા વધુ રસીદો હોય તો પ્રથમ રસીદ ઉપર બાકી રહેતી રસીદનો કુલ સરવાળો દર્શાવવાનો રહેશે.

(૩) હિ.નિ.શ્રી, નવસારીના પરિપત્ર તા. ૦૯/૦૧/૨૦૧૭, ક્રમાંકઃનકૃયુ/રજી/વવહિ.અધિ/બી.૨/૨૯/૨૦૧૭ માં જણાવેલ વિગત ધ્યાને લઈજે કર્મચારીને ચૂકવેલ ઘરભાડાની રકમ બાદ લેવાની રહેતી હોય તેઓએ ઘરભાડાની પહોંચ ઉપર ***" ઘરમાલિકનુ પુરૂ નામ, સરનામુ, મો. નંબર"*** સ્પષ્ટ દર્શાવવાનો રહેશે. તેમજ પહોંચ કોરા કાગળ ઉપર લગાવી તેની નીચેના ભાગે મળવાપાત્ર કપાત અંગેની ગણત્રી દર્શાવવાની રહેશે. તેમજ સદર ભાડા પત્રક સાથે નીચેના બિડાણ રજુ કરવાના રહેશે.

(અ) ભાડા કરાર (બ) રહેઠાણ નજીકના પોલીસસ્ટેશનમાં નોંધાવેલ નોંધ અંગેના હુકમની નકલ
(ક) રહેઠાણ એરીયામાં આવતા ગ્રામ– તાલુકા પંચાયત / નગર–મહાનગર પાલિકામાં ભાડેઆત તરીકે કરાવેલ નોંધની નકલ
(ડ) ભાડેઆત તરીકે વાર્ષિક રૂા. ૧.૦૦ લાખથી વધુ ભાડુ ચૂકવતા હોય તો ઘરમાલિકના પાન કાર્ડની ઝોરેક્ષ નકલ રજુ કરવાની રહેશે.

**આચાર્ય**

**ન ક લ :–**

તમામ વિભાગીય વડાશ્રીઓ તરફ આપના તાબા હેઠળના સર્વે કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર ધ્યાને લાવવા તેમજ અમલ થવા સારૂ.

Scanned by CamScanner